ધાબા પરની દોરીમાં ફસાયેલા ત્રણ દુર્લભ રેવીદેવી ઘુવડ બચાવી લેવાયા

@ગાંધીનગર

સાતમું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ભૂમિક શાહ અને આનલ વસાવડા ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ઝનકાર મ્યુઝીક ગ્રુપના ગાયક નિતીનભાઈ બારોટ ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ભાણાભાઈ મ્યુઝી. ગ્રુપ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે પંકજ કાપડીયા દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે દિનેશકુમાર એન્ડ પાર્ટી દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે જય પટેલ એન્ડ ગ્રુપના ગાયક સુરેશ ઠાકોર અને સુરેખા બારોટ ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે સોનું ચારણ ગ્રુપના સોનું ચારણ અને દિલીપ મીર ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે પારૂલ બારોટ અને સુરેશ બ્રહ્મભટ્ટ ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો વર્ષાબેન મુકેશભાઈ ભટ્ટના નિવાસસ્થાન, પ્લોટ નં. ૮૩૫/૧, સે-૪ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન સે-૧૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે દિપ્તી પાઠક ગરબા રજૂ કરશે.

● રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત સવારે ૧૧ કલાસે સે-૧૭ રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે નિબંધ સ્પર્ધા યોજાશે.

● ગાયત્રી શકિતપીઠ દ્વારા સે-૧૨ બલરામ મંદિર પરિસર ખાતે યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત વિરાટ પુસ્તક મેળાનો સવારે ૯.૦૦ કલાકે પ્રારંભ થશે.

- નજાહખાનમ સૈયદ

જગતજનની મા અંબાની આરાધનાનું પર્વ અને વિશ્વનો સૌથી લાંબો નૃત્ય મહોત્સવ - નવરાત્રી પૂર્ણ કળાએ ખીલી છે. શું શેરી ગરબા કે શું પાર્ટી પ્લૉટ - ગરબા રમવા માટેનો ઉત્સાહ અને માહોલ સઘળે સરખો છે. ભાતીગળ વસ્ત્રો, નવાં-જૂનાં ગરબા-ગીતો, રાસ-ગરબા અને ખાણી-પીણીની મોસમ પણ સોળે કળાએ ખીલી ઉઠી છે. પ્રસ્તુત તસવીરો સેક્ટર-૬, સેક્ટર-૧૪ અને સેક્ટર-૧૩ બીના શેરી ગરબાની છે, જેમાં વસાહતીઓ સાથે મળીને ગરબે ઘૂમી રહ્યા છે. નાના-મોટા, અમીર-ગરીબ એવા સૌ ભેદ ગરબાના માધ્યમથી ભુલાઈ રહ્યા છે અને એ અર્થમાં ગરબા એ સામાજિક ઐક્યનું પ્રતીક બની રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ધાબા પરની દોરીમાં ફસાયેલા ત્રણ દુર્લભ રેવીદેવી ઘુવડ બચાવી લેવાયા

સરગાસણ ચાર રસ્તા નજીક પ્રમુખ વિલાના ધાબે ફસાયેલા ત્રણે ઘુવડને તિર્થરાજસિંહ જાડેજા અને પંકજ પરમારે બચાવ્યા
દસ દિવસથી ફસાયેલા એક ઘુવડનો ડાબો પગ નકામો બની ગયો હોવાથી હજુ સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાંથી ગઈ કાલે એક મકાનના ધાબે કપડા સુકવવાની દોરીમાં ફસાયેલા ત્રણ દુર્લભ રેવીદેવી ઘુવડ બચાવી લેવાયા છે. ગાંધીનગરના વન્ય જીવન પ્રેમી તિર્થરાજસિંહ જાડેજા અને પંકજભાઈ પરમારે આ ત્રણે ઘુવડને બચાવી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા. જયાં એક ઘુવડનો ડાબો પગ નકામો થઈ જવાથી હજુ સારવાર હેઠળ રાખવામાં આવ્યું છે.

સરગાસણ ચાર રસ્તા નજીક પ્રમુખ વિલા સોસાયટીના એક બ્લોકના ધાબે કપડા સુકવવાની દોરીનું ગુંચળુ પડયું હતું. આ મકાનની નજીકમાં જ શિડયુલ-૪માં આવતા અને અલ્પ સંખ્યક ગણાતા દુર્લભ રેવીદેવી ઘુવડનું ઘર હતું. આશરે દસેક દિવસ પહેલા આ દોરીના ગુંચડામાં એક ઘુવડ ફસાઈ ગયુ અને અનેક પ્રયત્નો કરવા છતાં તે તેમાંથી બહાર નીકળી શકયું નહોતું કારણ કે તેના બંને પગમાં દોરી ફીટ થઈ ગઈ હતી. આ ઘુવડની મદદે અન્ય બે ઘુવડ આવી રોજ પ્રયત્ન કરતા હતા આ પ્રયાસ દરમિયાન બે દિવસ પહેલા આ બંને ઘુવડ પણ દોરીના ગુંચડામાં ફસાઈ જવા પામ્યા હતા. છેલ્લા એક અઠવાડિયાથી બ્લોકના એક રહીશે પેલા ઘુવડને ફસાયેલું જોયું હતુ પરંતુ તેમણે ગણકાર્યું નહોતુ પરંતુ વધુ બે ઘુવડ ફસાતા તેઓ ગભરાયા હતા અંતે તેમણે થોડી તપાસ કરી યુવા વન્ય જીવ પ્રેમી તિર્થરાજસિંહ જાડેજા અને પંકજભાઈ પરમારનો સંપર્ક સાધી ઘુવડ ફસાયેલા હોવાની માહિતી આપી હતી.

બંને વન્ય જીવન પ્રેમીઓએ તુરંત સ્થળે ધસી જઈ આ દુર્લભ પક્ષીને બચાવવાનું ઓપરેશન હાથ ધર્યું હતું. તેમણે ત્રણે ઘુવડને ચીવટપૂર્વક દોરીના ગુંચડામાંથી બહાર કાઢયા હતા જેમાં પહેલેથી ફસાયલ ઘુવડના પગે ગંભીર ઈજાઓ હતી તેમજ છેલ્લા દસ દિવસથી તેણે કાંઈ ખાધું પીધું પણ ના હોવાથી નબળી સ્થિતિમાં હતું. આથી તુરંત તેમણે ત્રણે પક્ષીને ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે લઈ ગયા હતા જયાં તેમની સારવાર હાથ ધરવામાં આવી હતી અંતે નાજીવી ઈજાઓ ધરાવતા બે ઘુવડને સારવાર આપી જંગલમાં સલામત રીતે છોડી દેવાયા હતા.

જયારે ગંભીર રીતે ઘાયલ ઘુવડના ડાબા પગે આટલા બધા દિવસ દોરી બંધાયેલી રહેવાના કારણે પગની નસો કપાઈ જવાથી તે નકામો થઈ ગયો હતો. આ કારણે હજુ પણ આ ઘુવડ ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરના યુવા વન્યજીવ પ્રેમી તિર્થરાજસિંહ તથા પંકજભાઈના સરાહનીય પ્રયાસથી અત્યંત દુર્લભ કહી શકાય તેવા રેવીદેવી ઘુવડને નવજીવન મળતા પર્યાવરણ તથા વન્ય પ્રાણીઓમાં આનંદ છવાયો છે અને બંને સ્વયં સેવકો પર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

શહેર આખું નવરાત્રીમય બન્યું છે ત્યારે જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, યુવતિઓ-મહિલાઓ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ગરબે ઘૂમ્યાં હતાં. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલે પણ ઉપસ્થિત રહી ગરબે ઘૂમવાનો આનંદ ઉઠાવ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના પ્રવેશદ્વારો પર પોલીસ બ્રિથ એનેલાઈઝર લઈને ઉભી રહેશે

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદ તો ઠીક હવે બરોડના ખેલૈયાઓ પણ ગાંધીનગરને વધુ પસંદ કરે છે. ગાંધીનગર ખેલૈયાઓથી રાત્રે ઉભરાઈ જાય છે ત્યારે આ સ્થિતિમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર પોલીસે દારૂડીયા અસામાજીક તત્ત્વો પર સપાટો બોલાવવા મહ્ત્વનો નિર્ણય લીધો છે. શહેરના પ્રવેશદ્વારો પર બ્રિથ એનેલાઈઝર મશીન લઈને પોલીસ ઉભી રહેશે અને દારૂના નશામાં ભટકતા નબીરાઓને પકડી જેલ હવાલે કરી દેવામાં આવશે.

શહેરમાં અવર જવર કરતા યુવાનો પૈકી દારૂના નશામાં કેટલા છે તે તપાસ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે બ્રિથ એનેલાઈઝર મશીન લઈને પોલીસ શહેરના પ્રવેશદ્વારો પર ઉભી રહેશે તો બીજી એક ટીમ બ્રીથ એનેલાઈઝર સાથે કોઈ પણ સ્થળે આકસ્મિક ગોઠવાઈ જશે જે સતત પોતાના લોકેશન બદલશે અને દારૂ પીધેલા તત્વોને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરશે. શહેરમાં કોઈ છેડતી કે મારામારી સહીતની કોઈ અનિચ્છનીય ઘટના બને નહી તેની તકેદારી માટે પોલીસની વિવિધ ટીમો દારૂડીયાઓને પકડવા રાતભર ફરશે.

સે-૧૧ સુમન ટાવર પાસેથી એક બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે સુમન ટાવર ખાતે સે-૮માં રહેતા અમિતભાઈ જયંતિભાઈ સોલંકી પોતાનું બાઈક લઈને ગયા હતા અને ૯મી ઓકટોબરે પોતાનુંસ્પ્લેન્ડર બાઈક નં. જીજે ૧૮ કે૦૬૭૦ સુમન ટાવર બહાર પાર્ક કર્યું હતું. કોઈ શખ્સો આ પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયું હતું. આ બનાવ અંગે અમિતભાઈની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસેબાઈક ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

સનરાઈઝ પ્રી સ્કુલ ખાતે બાળકો ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં નવલી નવરાત્રીની ઉજવણી ઉત્સાહભેર થઈ રહી છે. સાંજ ઢળતાં જ ખેલૈયાઓમાં અનેરો આનંદ જોવા મળે છે. ગરબા ગ્રાઉન્ડમાં ગરબા રસિકો અવનવા સ્ટેપ્સ તેમજ નીતનવા વસ્ત્ર પરિધાન કરી ગરબે ઘૂમી રહ્યા છે. શહેર નવરાત્રીમય બન્યું છે. શહેરની શાળા કોલેજોમાં પણ નવરાત્રીને પગલે વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં શહેરની સેકટર-૧ ખાતે આવેલી સનરાઈઝ પ્રી સ્કુલમાં તાજેતરમાં નવલી નવરાત્રી નિમિત્તે ગરબા યોજાયા હતા. જેમાં શાળામાં અભ્યાસ કરતા બાળકો અને તેમની માતાઓ હાજર રહી ગરબે ઘૂમી હતી. શહેરની સેકટર-૧ ખાતે આવેલી સનરાઈઝ પ્રીસ્કુલ ખાતે તાજેતરમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૪૦ જેટલા નાના ભૂલકાઓ, તેઓના મમ્મી, ઓફિસ સ્ટાફ સહિત ગરબા રસિકો ગરબે ઘૂમ્યા હતા. નાના બાળકો સુંદર ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ ગરબે ઘૂમી માતાજીની ભકિત કરી હતી નાના ગરબે ઘૂમતા બાળકોની શિસ્તતા અને એકતા ઉડીને આંખે વળગતી હતી. શહેરમાં નાના મોટા સૌ કઈ અત્યારે મા અંબા જગદંબાની ભકિતમાં તલ્લીન છે ત્યારે નાના ભૂલકાઓએ પણ માની આરાધના કરી ધન્યતા અનુભવી હતી.

ગાંધીનગરની સીએમ પટેલ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓએ તાજેતરમાં બારડોલી ખાતે 'કલીન એન્ડ હેલ્થી નેશન' થીમ પર યોજાયેલ રાજય કક્ષાની કોન્ફરન્સમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નર્સિંગ કોલેજની બીજા વર્ષની વિદ્યાર્થીની ક્રિશા ખારાએ આ કોન્ફરન્સમાં રજુ કરેલ સ્વાઈન ફલુ અંગેના ચાર્ટને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. ક્રિશાની આ સિધ્ધિ બદલ નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રવિનાબેન ક્રિશ્ચિયન તથા કેમ્પસ ડાયરેકટર આર.જે. વ્યાસ સહિત તમામ કર્મચારી ગણે અભિનંદન પાઠવ્યા હતા.

વાતવાતમાં

● રવિવારે રજા હોઈ સવારે વહેલા ઉઠવાની ચિંતા ના કરવી પડે માટે શનિવારની રાત્રે નગરના તમામ ગરબા ગ્રાઉન્ડ હાઉસફુલ થઈ ગયા હતા. શેરી ગરબા અને સંસ્થાકીય નવરાત્રી મહોત્સવોમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા અને તેમને નિહાળવા પ્રેક્ષકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતાં.

● રાત્રે ૧૨ વાગે ગરબા પત્યા બાદ નગરજનોએ ફાફડા-જલેબી સહિત અનેક પ્રકારના નાસ્તાની જયાફતો ઉડાવી હતી. મોડી રાત સુધી નગરના માર્ગો પર વાહનોની અવરજવર ચાલુ રહેવા પામી હતી.

● ગાંધીનગરના ગરબા સુવિખ્યાત હોઈ અમદાવાદના એસ.પી.રીંગ રોડ નજીકના વિસ્તારો જેવા કે નરોડા, હાંસોલ, કુબેરનગર, ચાંદખેડા, મોટેરા અને ગોતા વગેરેમાંથી મોટી સંખ્યામાં ગરબા રસિકો ઉમટી પડયા હતા. આ ઉપરાંત વિજાપુર, માણસા, ચિલોડા, દહેગામ, પ્રાંતિજ, તલોદ સુધીના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ નાગરિકો ગરબા માણવા આવી પહોંચ્યા હતા.

● નવરાત્રીમાં આઠમનું સવિશેષ મહત્વ હોઈ તે દિવસે યોજાતા હોમ હવન અને નૈવેધ વગેરેની તૈયારીઓ પણ ભાવિકોએ હાથ ધરી દીધી છે. ઘણા શેરી ગરબામાં આઠમે વેશભૂષા સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે અને બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાય છે.

● ચાંદખેડાની એક સોસાયટીમાં ગરબે ઘુમતી કન્યાઓ અને યુવાનો માટે કોરિયોગ્રાફરની ખાસ વ્યવસ્થા કરાઈ છે. આ જાણી ગાંધીનગરના અનેક ગરબા આયોજકોએ કોરિયોગ્રાફરની સેવાની વ્યવસ્થા કરવા વિચારણા હાથ ધરી છે.

● ગાંધીનગરની નીફટ કોલેજમાં નવરાત્રીની ઉજવણીમાં સંસ્થાના ૨૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ગરબે ઘુમ્યા હતા. સરગાસણ નજીકની કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે પણ નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

● શહેરમાં ઠંડી-ગરમીની બેવડી ઋતુના કારણે નગરજનો વાઈરલ બિમારીઓ જેવી કે શરદી ખાંસી, તાવ અને ગળુ બેસી જવું વગેરેના ભોગ બની રહ્યા છે. નગરજનોના રાતોના ઉજાગરાના કારણે પણ આ બિમારીઓને ફાવતું મળી જઈ રહ્યું છે.

● ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં નેનોસીટીની બાજુમાં દશેરાના દિવસે અશ્વપૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દશેરાના દિવસે ઘોડાની દોડ તો નહી પરંતુ પૂજન પણ અશ્વ રસિયાઓ માટે આનંદદાયક સમાચાર છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

આજે સાતમે માતા કાળરાત્રીનું પૂજન-અર્ચન

દુષ્ટોનો નાશ કરવાવાળી મા કાળરાત્રીના સ્મરણ માત્રથી દાનવ, દૈત્ય, રાક્ષસ, ભુત-પ્રેત આદી ભાગી જાય છે

ગાંધીનગર, તા.૧૮

જગતમાં શકિત-ભકિત અને માતૃભકિતનો શ્રેષ્ઠ સમન્વય એક માત્ર ભારત દેશમાં નવરાત્રી પર્વ દરમિયાન જોવા મળે છે. શકિત સ્વરૂપા જગદંબાને મા ગણી નવરાત્રીમાં તેના અનેક સ્વરૂપનું પૂજન થાય છે. જેમાં આજે માતા કાળરાત્રીના સપ્તમ સ્વરૂપનું વિધિપૂર્વક પૂજન અર્ચન કરવામાં આવશે. દુષ્ટોને હરનારી માતા કાળરાત્રીની અસીમકૃપા પ્રાપ્ત કરવા આજના દિવસનું પૂજન ખુબ જ મહત્વ ધરાવે છે. જેમાં માતાજીના સાધકો, ભુવા અને જયોતિષ જાણનારા દેવી ભકતો તથા ભૂતપ્રેત ભગાડનારા વિશેષ વિધિથી કાળરાત્રીનું પૂજન કરશે.

અંધશ્રધ્ધામાં ગળાડુબ સમાજના લોકોને ગેરમાર્ગે લઈ જઈ ધુતનારા લોકોથી સાવધ બનવા માટે હાલના સંજોગો આધિન મા જગદંબાના આજના સાતમા સ્વરૂપનું અતિ મહત્વ વર્ણવાયું છે. નવરાત્રીના નવસ્વરૂપ પૈકી આજે મા ભગવતીએ કાળરાત્રીનું સ્વરૂપ ધારણ કર્યું છે. જેમાં કાળરાત્રીનો વર્ણ કાજળ જેવો કાળો છે જેથી તેમનું સ્વરૂપ ભયાનક

બન્યું છે. માતાજીની ત્રણ મોટી મોટી આંખોમાંથી અગનવર્ષા થઈ રહી છે. જે કારણે જ માતાજીની અનુકંપા પોતાના ભકતો ઉપર રહે છે. માતાજીની નાસિકામાંથી પણ અગ્નિની ભયંકર જવાળાઓ નિરંતર નીકળતી રહે છે. ગળામાં ભવ્ય માળા છે. માતાજીની ચાર ભુજાઓ પૈકી જમણી બાજુ ઉપરની ભુજાથી મહામાયા ભકતોને વરદાન પ્રદાન કરે છે અને નીચેની ભુજાથી અભય રહેવાના આશીર્વાદ આપે છે. જયારે ડાબી ભુજામાં તલવાર અને ખડગ ધારણ કર્યા છે. માતાજીનું આ સ્વરૂપ વાળ વિખરાયેલી સ્થિતિમાં ગધેડા ઉપર સવાર છે. દેવી શકિતનું આ વિચિત્ર અને ડરામણું સ્વરૂપ ભકતો માટે અત્યંત શુભ છે.

મા આદ્યશકિતની આ સાતમી શકિતને કાળરાત્રી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'સહસ્ત્રાર' ચક્રમાં સ્થિર હોય છે જેથી બ્રહ્માંડની સમસ્ત સિધ્ધીઓના દ્વાર ખુલવા લાગે છે અને માતાજીના સાક્ષાત્કારથી મળતા પુણ્યનો તે ભાગીદાર બની જાય છે. મા કાળરાત્રી દુષ્ટોનો વિનાશ કરવા વાળી દેવી છે. દાનવ, દૈત્ય, રાક્ષસ, ભુત પ્રેત, આદિ તેમના સ્મરણ માત્રથી ભયભીત થઈ દુર રહે છે. માતાજીનું પૂજન કરનારને અગ્નિભય, જળભય, જંતુભય, શત્રુભય અને રાત્રિભય કયારેય સતાવતા નથી. મા કાળરાત્રી સાધકના જીવનમાં આવનારા તમામ ગ્રહ અને અડચણોને દુર કરે છે અને તેની કૃપાથી ભકત હંમેશા ભયમુકત રહે છે તેથી માતાજીને શંભુઠરી પણ કહે છે. સાતમા સ્વરૂપનું પૂજન સૌથી વધારે ભુવા, ભુત-પ્રેત ભગાડનારા માઈભકતો વિશેષ કરે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહી તરીકે પ્રતિષ્ઠા મેળવી હતી. આ સત્યાગ્રહની સફળતા બાદ તેઓ હિન્દ પધાર્યા તે ઘટનાને સો વર્ષ પૂર્ણ થયા છે. આ ઘટનાની સુવર્ણ જયંતિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે 'ગાંધી જીવન દર્શન' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં નિવૃત્ત સનદી અધિકારી વસંતભાઈ ગઢવીએ 'મોહનમાંથી મહાત્મા' વિષયે વકતવ્ય આપ્યું હતું. ભાનુપ્રસાદ પુરાણી સંયોજિત આ કાર્યક્રમમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવદી સમારંભના અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : કશ્યપ નિમાવત)

ચિરવિદાય

- સ્વ. કાર્તિકભાઈ કરશનભાઈ ધૂલીયા, ઉ.વ. ૬૯
- સ્વ. જમનાબેન કલ્યાણજીભાઈ મજીઠીયા, ઉ.વ. ૮૧
- સ્વ. સવિતાબેન સોમાભાઈ મહેરીયા, ઉ.વ. ૭૪